# ૩ હું પતંગિયું મારા પિલ્લુનું

M6K1V5

## ચાલો, ગાઈએ ગીતડું :



પતંગિયાને
આંગળી અડાડશો ના ભાઈ!
પતંગિયાને આંગળી અડાડશો ના ભાઈ!

નર્યું નાજુક છે એ નાનું,
મીઠડું મીઠડું અને મજાનું
અડવા જશો ના લલચાઈ! પતંગિયાને...

ભલી ભોળી છે શી આંખ!
રંગ રંગ રૂપાળી પાંખ!
રૂડા રંગોની છાંટ કેવી છવાઈ! પતંગિયાને...



ફૂલોથી ફૂલે ફરી ફરીને,
બેઠું જો ને, જરા ઠરીને.
જોયા કરો ધરાઈ ધરાઈ! પતંગિયાને...

- પૂજાલાલ

## દોરો, રંગ પૂરો :






વાર્તા વાંચો :

## પ્યારા પિલ્લુ

બપોરે વરસાદનું એક ઝાપટું પડી ગયું. તે પછી સરસ તડકો નીકળ્યો હતો. દ્વિજ અને ઈવા તેમના ઘર આગળ રમતાં હતાં. ત્યાં ઘણાં બધાં પતંગિયાં હતાં. તેમાં મોટ્ટી, પીળી પાંખોવાળું પતંગિયું ઈવાને ખૂબ ગમી ગયું. દ્વિજ અને ઈવા તે પતંગિયાનો પીછો કરવા લાગ્યાં. તે પતંગિયું ઊડતું ઊડતું મીઠા લીમડા પર જઈને બેઠું. લીમડા પર તો પતંગિયાંનો મેળો જામેલો. દ્વિજ અને ઈવા હળવેથી લીમડા પાસે ગયાં. પેલા પીળા પતંગિયાની સાથે બીજાં કેટલાંક પતંગિયાં પણ ઊડી ગયાં. ''અરેરેરે!'' ઈવા ઉદાસ થઈ ગઈ. દ્વિજ કહે, ''જો! જો! આ પાંદડા પર શું છે ?'' પાંદડા પર નાનાં નાનાં પીળાં ટપકાં જેવું કશુંક હતું. ઈવાએ ધ્યાનથી જોઈને કહ્યું, ''આ તો ઈંડાં લાગે છે.'' તેઓ જોવા માટે વધારે નજીક ગયાં. તેમાં તે પાંદડાવાળી ડાળખીને ધક્કો લાગ્યો. બંને ભાઈ-બહેન થોડા ગભરાયા. તેમને ચિંતા થઈ કે ક્યાંક પેલાં ઈંડાં પડી જશે. પણ,



એવું ન થયું, ઈંડાં તો પાંદડાને બરાબર ચોંટી રહેલાં. દ્વિજ અને ઈવાને હાશ થઈ. ઈવાએ મમ્મીને કહ્યું કે હવે થોડા દિવસ લીમડો તોડતી વખતે ધ્યાન રાખવું.

બીજી સવારે ઊઠતાંવેંત બંને મીઠા લીમડા પાસે પહોંચ્યા. પણ ત્યાં તો ઈંડાં નહોતાં! પીળાં ઈંડાંને બદલે ત્યાં હતી લીલી લીલી, ઝીણી ઝીણી ઈયળો! જુદાં-જુદાં પાન પર ભાંખોડિયા ભરતી ઈયળો. તે ડાળખીનાં કેટલાંય પાંદડાં પર નાનાં નાનાં કાણાં હતાં. એક પાંદડા પર એક જ ઈયળ હતી. ઈવાએ કાળજીથી તે પાંદડું તોડ્યું અને હથેળીમાં લીધું. પછી તે પાંદડાને એક ખોખામાં મૂક્યું. મીઠા લીમડાનાં કૂણાં પાંદડા દ્વિજ સાચવીને તોડી લાવ્યો અને તેને સંભાળીને ખોખામાં મૂક્યાં. ઈવા કહે, ‘‘હવે ખા, તું તારે ખાવું હોય એટલું!’’ તેઓએ ખોખાને ઘરમાં લાવી સલામત જગ્યાએ મૂક્યું.

બીજી સવારે દ્વિજ અને ઈવાએ ખોખામાં જોયું. પહેલી નજરે તો લીલાં પાંદડાં વચ્ચે કોઈ લીલી ઈયળ દેખાઈ જ નહીં. બંનેએ ધારી ધારીને જોયું, હળવેથી પાંદડાં ઊંચાં-નીચાં કર્યાં. ત્યાં એ બહેન દેખાયા! એક પાંદડાની નીચે. ઝીણકડું મોઢું, ઝીણા ઝીણા પગ અને સતત સરકતું શરીર. તોપણ, તે કેટલાં બધાં પાંદડાં ખાઈ ગયેલી!

દ્વિજ કહે, ‘‘આપણે આ દોસ્તનું નામ પાડીએ.’’

ઈવા કહે, ‘‘ચોક્કસ! હં....! શું નામ પાડીશું?’’

દ્વિજ કહે, ‘‘પિલ્લુ! પ્યારા પિલ્લુ!’’

ઈવા કહે, ‘‘સરસ નામ છે પિલ્લુ!’’

રોજ સવારે દ્વિજ અને ઈવા ખોખામાંના પિલ્લુની ભાળ લેતાં. તેઓ ખોખાને સાફ કરતાં અને નવાં પાંદડાં ઉમેરતાં. રાત પડ્યે વધુ એકવાર તપાસ કરીને જ સૂવા જતાં. અઠવાડિયા પછી દ્વિજે કંઈક જુદું જોયું. તેણે ઈવાને પૂછ્યું. ‘‘દીદી, આ શું છે ?’’ ઈવાએ ધ્યાનથી જોઈને કહ્યું, ‘‘આ તો આપણો પિલ્લુ જ છે. હવે તેણે નવાં કપડાં પહેરી લીધાં છે. તેને કોશેટો કહેવાય. જો ને! કેવો પહેલવાન થઈ ગયો છે પિલ્લુ!’’

દ્વિજ કહે, ‘‘સાચી વાત! ખાઈખાઈને તગડો થઈ ગયો છે!’’

બંને ભાઈ-બહેનને આ તગડો પિલ્લુ વહાલો થઈ પડેલો. સવાર-સાંજ અને નિશાળે જતાં-આવતાં તેઓ પિલ્લુની ખબર લેતાં.

એક સાંજે નિશાળેથી આવીને તેમણે ખોખામાં જોયું, તો પિલ્લુભાઈ શાંત જણાયા, કોશેટાનો રંગ ગાઢો થઈ ગયેલો અને તે ચૂપચાપ પડી રહેલો. દ્વિજ સાચવીને તેને અડ્યો. કોશેટો એકદમ કઠણ હતો.

જોયું કે કોશેટો જરાજરા હલતો હતો. ''દ્વિજ, ધ્યાનથી જોજે!'' એમ કહી ઈવા ખોખાને બગીચામાં લઈ આવી. થોડીવારમાં કોશેટો તૂટ્યો અને તેમાંથી જીવડું બહાર આવ્યું. એ જીવડાને તો પાંખો હતી. પણ, તેની પાંખો ચોંટેલી હતી.



દ્વિજને ચિંતા થઈ. તેણે ઈવાને પૂછ્યું, ''દીદી, પિલ્લુને કંઈ થઈ તો નથી ગયું ને! તે સૂતો છે ને!''

ઈવા કહે, ''ચિંતા ના કર! એ તો મોટો થઈ રહ્યો છે. બસ, થોડા દિવસ રાહ જો! પછી જોજે જાદુ!'' તે પછીના રવિવારે બપોરે તેમણે પિલ્લુની ખબર કાઢવા ખોખું ખોલ્યું, ત્યારે

હળવે હળવે, ધીમે ધીમે, તેણે પોતાની પાંખો ખોલી. દ્વિજ અને ઈવાનાં મોં ખુલ્લાં રહી ગયાં. તેમનું વહાલું પિલ્લુ તો સુંદર મજાનું પતંગિયું બની ગયેલું. પિલ્લુએ પોતાની પાંખો બે-ત્રણ વાર ફફડાવી અને પછી... ઊડી ગયું.

દ્વિજ અને ઈવાએ પિલ્લુને કહ્યું, ''આવજે''.

## વાતચીત :

૧. વાર્તામાં શું બન્યું ત્યારે તમને સૌથી વધુ મજા આવી?

૨. તમને પિલ્લુની ચિંતા ક્યારે થઈ?

૩. દ્વિજ-ઈવા ઈંડાંવાળું પાંદડું ઘરમાં લાવ્યાં ત્યારે તેમનાં મમ્મી-પપ્પાએ તેમને શું કહ્યું હશે?

૪. તમારે ઈયળને સાચવવાનું થાય, તો તમે તમારા ઘરમાં ખોખું ક્યાં મૂકો? કેમ?

૫. ચાલી બતાવો : (૧) ઈયળની જેમ (૨) સાપની જેમ (૩) અળસિયાની જેમ

૬. પગ ગણો : કીડી ______ મંકોડો ______ વંદો ______ પતંગિયું ______ કાનખજૂરો ______

તમારા નાક અને મોં આગળ રૂમાલ રાખો. આપેલું વાક્ય ખરું હોય તો ખાંસી ખાવ, ખોટું હોય તો છીંક ખાવ.

૧. પતંગિયાનાં ઈંડાં લખોટી જેવડાં હતાં.

૨. મીઠા લીમડા પર ઘણાં બધાં પતંગિયાં હતાં.

૩. પાંદડાં ખાઈને ઈયળ પહેલવાન બની ગયેલી.

૪. દ્વિજે કોશેટાને દબાવીને તપાસ્યો.

૫. કોશેટામાંથી પતંગિયું બહાર આવ્યું.

## વાંચો, શોધો, વિચારો, લખો :

- **ત્યારે તમને શું થાય? કૌંસમાંથી વિકલ્પ પસંદ કરી ખાલીજગ્યામાં લખો.**

(કેટલું સુંદર!, ચિંતા થાય, ઉદાસ થવાય, કેવું જોરદાર!, ગભરાઈ જવાય)

૧. પંખો ચાલુ હોય અને કબૂતર ઓરડામાં આવી જાય ______

૨. વાંદરાઓનું ટોળું અચાનક આવી જાય ત્યારે ______

૩. તમે માળો લટકાવો પણ ચકલી રહેવા ન આવે ત્યારે ______

૪. અંધારી રાતે આકાશમાં તારા જોઈએ ત્યારે ______

૫. જુદા-જુદા રંગનાં ફૂલ ખીલેલાં જોઈને ______

- **પ્રશ્નોના જવાબ લખો.**

૧. લીમડાનાં પાન પર કાણાં કેમ હતાં?

૨. ઈવા કેમ ઉદાસ થઈ ગઈ?

૩. ધક્કો લાગવા છતાં પાંદડાં પરથી ઈંડાં પડી કેમ ના ગયાં?

૪. દ્વિજ અને ઈવા ક્યારે ક્યારે પિલ્લુની સંભાળ લેતાં?

૫. દ્વિજ અને ઈવા ફાટી આંખે શું જોઈ રહ્યાં?

- **આપેલાં વાક્ય પરથી પ્રશ્નોના જવાબ લખો.**

**(અ) બીજી સવારે ઊઠતાંવેંત બન્ને મીઠા લીમડા પાસે પહોંચ્યા.**

- બન્ને એટલે કેટલા વ્યક્તિ?
- મીઠા લીમડા પાસે કોણ પહોંચ્યું?
- આ લીમડાનાં પાનનો સ્વાદ કેવો હશે?
- ભાઈ-બહેન લીમડા પાસે ક્યારે પહોંચ્યાં?

| નામ | સ્થળ | સમય |
| --- | --- | --- |
| ૧. | ૧. | ૧. |
| ૨. | ૨. | ૨. |

**(બ) તે પાંદડાવાળી ડાળખીને ધક્કો લાગ્યો એટલે બંને જણને ચિંતા થઈ કે ઈંડાં પડી જશે.**

- બંને જણ એટલે કોણ-કોણ?
- ઈંડાં ક્યાં હતાં?

- બંને કઈ વાતે ગભરાયાં?
- ઈંડાંની ચિંતા કોને થઈ?

## ઈયળ, કોશેટા અને પતંગિયા વિશે પાઠમાં આવતાં બે વાક્યો શોધી અહીં લખો.

**ઈયળ :**


**કોશેટો :**

**પતંગિયું :**

## યોગ્ય રીતે જોડકાં જોડો.

| (અ) | (બ) |
| --- | --- |
| ઈંડાં | |
| ઈયળ | |
| કોશેટો | |
| પતંગિયું | |

## પતંગિયું કેવી રીતે બને?



⬡ **વાર્તા પ્રમાણે વાક્યો નો ક્રમ ગોઠવો.**

☐ દ્વિજે ઈયળનું નામ પાડ્યું.

☐ કોશેટો ચૂપચાપ, કડક થઈને પડી રહેલો.

☐ લીલાં પાંદડાં પર પીળાં ઈંડાં હતાં.

☐ પિલ્લુ ઊડી ગયું.

☐ પાંદડાં ખાઈખાઈને પિલ્લુ જાડોપાડો થઈ ગયેલો.

⬡ **રીડિંગ ક્રિકેટની રીતે 'પ્યારા પિલ્લુ' વાંચો.**

- **ચાલો, ગાઈએ ગીતડું :** પતંગિયાને આંગળી અડાડશો ના ભાઈ...

⬡ **ગીત :**



### અમે

અમે વનવનનાં પાન થઈ ફરકી રહ્યાં.
અમે પંખીનાં ગાન થઈ મરકી રહ્યાં.
અમે દરિયામાં વ્હાણ થઈ મ્હાલી રહ્યાં.
અમે ઊડતા પતંગિયાને ઝાલી રહ્યાં.
અમે દરિયો થઈ આભને પંપાળી રહ્યાં.
અમે તારલા ઉગાડનાર માળી થયાં.
અમે વાદળ થઈ ધોધમાર વરસી રહ્યાં.
અમે ધિંગા તોફાન માટે તરસી રહ્યાં.
અમે રજાઓના તંબુને ડેરાં કર્યાં.
અમે શંખલા ને છીપલાંઓ ભેગાં કર્યાં.
અમે પહાડ અને ટેકરીઓ ઘૂમી રહ્યાં.
આ ફૂલો અમારી જેમ ઝૂમી રહ્યાં.

– સુરેશ દલાલ

## વાતચીત :

૧. આમાં બાળકો શું શું થાય છે?

૨. આમાંથી શું થવાનું તમને સૌથી વધુ ગમે?

૩. આમાંથી શું કરવાનું તમને સૌથી વધુ ગમે?

## જૂથમાં બેસો અને કહો :

તમે નદીએ/દરિયા કિનારે/કોતરોમાં/રણમાં/ખેતરે/વાડીએ ગયા છો? ત્યાં તમે શું જોયું? ત્યાં જઈ તમે શું કર્યું? તમને શાની મજા આવી હતી?

## વાંચો, શોધો, વિચારો, લખો :

### (૧) ગીતમાં આવું કોને થાય છે?

૧. ગીત ગાવાની અમને મજા પડી.

૨. પછી અમારું વજન ઓછું થઈ ગયું.

૩. અમે નાના મોટા તારા ઉછેર્યા.

૪. પવન આવતાં અમે નાચવા લાગ્યા.

૫. અમે ખિસ્સામાં શંખ અને છીપ ભર્યાં.

### (૨) સરખા ઉચ્ચારવાળા શબ્દોની જોડ લખો.

૧. ફરકી – મરકી

૨.

૩.

૪.

૫.

૬.

## ખાલીજગ્યામાં તમને બરાબર લાગે તે શબ્દ મૂકી પંક્તિઓ પૂરી કરો :

૧. અમે ધૂળ બનીને ઊડી રહ્યાં.

સૌની આંખમાં જઈને ______ રહ્યાં. (બળી/બેસી/ભળી/ચોંટી)

૨. અમે કાંટા થઈને ચોંટી પડ્યાં.

સૌના કપડામાં ________ પડ્યાં. (વળગી/સળગી/તરાઈ/ભરાઈ)

૩. અમે કાંકરા થઈ રસ્તામાં ગબડી રહ્યા.

સૌના હાથમાં ________ રહ્યાં. (રમી/ગાઈ/વાંચી/નાચી)

**સૌથી નજીકના અર્થવાળું વાક્ય પસંદ કરો અને તેની સામેના ☐ માં ✓ કરો.**

૧. અમે પાન થઈ ફરકી રહ્યાં.

☐ અમને ઝાડ પર બેસવાની મજા આવી.

☐ અમે જ પાંદડાં બની ગયાં.

☐ સપનામાં એવું લાગ્યું કે અમે પાંદડાં છીએ.

૨. અમે દરિયામાં વહાણ થઈ મ્હાલી રહ્યાં.

☐ અમે વહાણમાં બેસીને દરિયો મહાલવા ગયાં.

☐ અમે દરિયામાં ખૂબ રમ્યાં.

☐ અમે દરિયા કિનારે ટહેલ્યાં.

૩. અમે પહાડ અને ટેકરીઓ ઘૂમી રહ્યાં.

☐ વાહનમાં બેસી અમે પહાડીઓમાં ફર્યાં.

☐ પહાડ પર ફરવાનો અમને થાક લાગ્યો.

☐ અમે પહાડ અને ટેકરીઓ પર ધીમે ધીમે ખૂબ ફર્યાં.

૪. અમે ધિંગા તોફાન માટે તરસી રહ્યાં.

☐ અમને ક્યારેક તોફાન કરવાની મજા આવે છે.

☐ ખૂબ મસ્તી કર્યા પછી પણ તોફાન કરવાનું મન રહ્યું.

☐ તોફાન મસ્તી માટે અમે કાયમ તૈયાર હોઈએ છીએ.

૫. અમે દરિયો થઈ આભને પંપાળી રહ્યાં.

☐ અમે આભને અડવા દરિયાકિનારે કૂદકા માર્યા.

☐ રાત્રે અમે તારા થઈને દરિયાને મળ્યા.

☐ અમે મોજાની છાલકથી આભને ગલીપચી કરીએ છીએ.

## આપેલા શબ્દો ફટાફટ બોલો.

૧. કાન, જ્ઞાન, ખાન, ગાન, તાન, દાન, ધાન, પાન, ભાન, માન, રાન, વાન, શાન, સાન.

૨. મોટેથી ગાઓ.

પટપટ પટપટ પાન

ઝટપટ ઝટપટ તાન

સનનન સનનન સાન

ધડધડ ધડધડ ધાન

- **ચાલો, ગાઈએ ગીતડું :** પતંગિયાને, આંગળી અડાડશો ના ભાઈ...

## સાંભળો, વાંચો, શોધો, વિચારો, લખો. 
તમારા શિક્ષક નીચેના બંને ફકરા વાંચશે. શિક્ષક ફકરો ''બ'' વાંચે ત્યારે તેમાં આવતા રંગીન શબ્દોને લાગુ પડતો શબ્દ ફકરા ''અ''માંથી જોઈ મોટેથી બોલો.

| (અ) | (બ) |
|---|---|
| અનિરુદ્ધને જીવજંતુ ખૂબ ગમે છે. તેના દોસ્ત ભદ્રેશને તેમનો ડર લાગે છે. તે કહે, ''મને તે કરડી જાય તો?'' અનિરુદ્ધ કહે, ''તે તો કેટલાં નાનાં હોય!' એમને તું મારી ડબ્બીમાં મૂકીને જો. તને તે બધાં ગમી જશે.'' | અનિરુદ્ધને જીવજંતુ ખૂબ ગમે છે. અનિરુદ્ધના દોસ્ત ભદ્રેશને જીવજંતુનો ડર લાગે છે. ભદ્રેશ કહે, ''ભદ્રેશને જીવજંતુ કરડી જાય તો?'' અનિરુદ્ધ કહે, ''જીવજંતુ તો કેટલાં નાનાં હોય! જીવજંતુઓને ભદ્રેશ અનિરુદ્ધની ડબ્બીમાં મૂકીને જો. ભદ્રેશને જીવજંતુ બધાં ગમી જશે. |

- **કહો કયું લખાણ સારું લાગે છે?**
- **બંને વાક્યોમાં શું ફેર છે?**

| (અ) | (બ) |
|---|---|
| ૧. અનિશભાઈ અનિશભાઈના નાના ભાઈનો ફોટો પાડે છે. | ૧. અનિશભાઈ તેમના નાના ભાઈનો ફોટો પાડે છે. |
| ૨. રેશમાએ રેશમાની આંગળી ઊંચી કરી. | ૨. રેશમાએ તેની આંગળી ઊંચી કરી. |
| ૩. ભદ્રા ભદ્રાના મિત્રને મળી. | ૩. ભદ્રા તેના મિત્રને મળી. |
| ૪. ચકલીએ ચકલીના માળામાં ઈંડાં મૂક્યાં. | ૪. ચકલીએ તેના માળામાં ઈંડાં મૂક્યાં. |
| ૫. બધાં બાળકોએ બધાં બાળકોનાં દફતર ઊંચક્યાં. | ૫. બધાં બાળકોએ પોતાનાં દફતર ઊંચક્યાં. |

- **જોડકાં જોડો.**

| (અ) | જવાબ | (બ) |
|---|---|---|
| અનિરુદ્ધના | | તેને |
| ભદ્રેશને | | તેમને |
| ડબ્બીમાં | | તેના |
| જીવજંતુઓને | | તેમનો |
| જીવજંતુઓનો | | તેમાં |

- **બિનજરૂરી શબ્દ છેકી વાક્ય ફરીથી લખો.**

૧. “બાળકો, તમે કીડી જોઈ છે ? **કીડીને/તેને** કેટલા પગ હોય છે ? **તમને/બાળકોને** ખબર છે?”

૨. મંકોડો પૂછે, “ભાઈઓ-બહેનો, ઓળખો છો **મને/મંકોડાને**? **મંકોડાના/મારા** ચટકાનો સ્વાદ ચાખ્યો છે? તો પછી કહો, **મારે/મંકોડાને** કેટલા પગ છે?”

૩. ‘‘બાળકો, દેડકાને તો **<u>બાળકોએ</u>/<u>તમે</u>** જોયો હશે. કહો, કેટલા પગ હોય **<u>તેને</u>/<u>દેડકાને</u>**? **<u>તેની</u>/<u>દેડકાની</u>** જીભ જોઈ? **<u>દેડકો</u>/<u>તે</u>** શ્વાસ લે ત્યારે **<u>દેડકાનું</u>/<u>તેનું</u>** પેટ કેવું હલે છે, નહીં!’’

આ વાત દેડકો બોલે તો કઈ રીતે બોલે? ફકરો પૂરો કરો.

બાળકો, મને તો તમે

૪. ઈયળો બોલી, ‘‘**<u>અમને</u>/<u>ઈયળોને</u>** ઓળખો છો? **<u>ઈયળો</u>/<u>અમે</u>** તો બધે જ હોઈએ. અનાજમાં અને વૃક્ષ પર; શાક, ફળ અને ફૂલમાં. **<u>તમને</u>/<u>માણસોને</u>** ભાવે એ **<u>બધું</u>/<u>અનાજ, શાક, ફળ, ફૂલ, વનસ્પતિ</u>** **<u>ઈયળોને</u>/<u>અમને</u>** ભાવે.’’

- **આપેલ શબ્દ ઉપરના ચાર ફકરામાં કયા શબ્દને બદલે વપરાયો છે તે લખો.**

**ઉદા. તેને : કીડીને, દેડકાને**

| | |
|---|---|
| તમે : | તમને : |
| મને : | મારા : |
| તેની : | તેનું : |
| તે : | અમને : |
| અમે : | તેને : |

- **ફકરામાંનાં રંગીન શબ્દોને બદલે કૌંસમાંથી યોગ્ય શબ્દ મૂકીને ફકરો ફરીથી લખો.**

(તેની, તેણે, તેમાં, આપણે, તેણે, તેની, તેને, તારા, તેની, મારી, તેણે)

અનિરુદ્ધે એક ફૂદું પકડ્યું અને ફૂદાને ડબ્બીમાં બંધ કર્યું. અનિરુદ્ધે ભદ્રેશને ડબ્બીમાં જોવા કહ્યું. ભદ્રેશે ડરતાં ડરતાં ડબ્બીમાં જોયું, ડબ્બીની અંદરનું ફૂદું પતંગિયા જેવડું દેખાતું હતું. ફૂદાની પાંખ પર ઝીણાં ઝીણાં ટપકાં હતાં ભદ્રેશની બીક જતી રહી. ભદ્રેશે અનિરુદ્ધને કહ્યું, ‘‘અનિરુદ્ધના કારણે ભદ્રેશની બીક જતી રહી હવે ભદ્રેશ-અનિરુદ્ધ પાક્કા દોસ્ત.’’

- **ચાલો, ગાઈએ ગીતડું :** પતંગિયાને આંગળી અડાડશો ના...

## ⬡ જૂથમાં કામ કરો. આપેલાં વાક્યો માટે યોગ્ય વિકલ્પ પર ✓ કરો.

- **એક ઑક્ટોપસને આઠ પગ હોય તો છ ઑક્ટોપસના કુલ કેટલા પગ થાય?**

૧. આ દાખલાનો જવાબ મેળવવા કઈ ક્રિયા કરવી જોઈએ?

(અ) ગુણાકાર (બ) ભાગાકાર (ક) બાદબાકી

૨. 'ઑક્ટોપસ' સજીવ છે કે નિર્જીવ તે કઈ રીતે ખબર પડે?

(અ) તેને પગ છે તે પરથી

(બ) કોઈ વડીલ કે શિક્ષકને પૂછવાથી

(ક) ઉપરની બંને રીતે

- **અહીં ફૂલદાનીની સાત હાર છે. દરેક હારમાં ચાર ફૂલ છે. તો અહીં કેટલાં ફૂલ થયાં?**

૧. 'અહીં' એટલે?

(અ) દાખલો ગણતી વખતે બેઠા હોઈએ તે જગ્યા. (બ) દાખલામાં (ક) વર્ગમાં

૨. આ દાખલાનો જવાબ કઈ રીતે મળશે?

(અ) ૭ × ૪ (બ) ૪ + ૪ + ૪ + ૪ (ક) ૭ + ૭ + ૭ + ૭

૩. 'બાળકો બે-બેની હારમાં મેદાનમાં ગયાં' આ વાક્ય પરથી કહો, 'ફૂલદાનીની હાર' એટલે?

(અ) ફૂલહારનું દાન (બ) ફૂલદાનીની લાઈન (કતાર) (ક) હારી ગયેલી ફૂલદાની

૪. "ફૂલદાની તૂટી ગઈ એટલે બધાં ફૂલ વેરાઈ ગયાં." આ વાક્યમાંથી કહો 'ફૂલદાની' એટલે?

(અ) ફૂલનો ઢગલો (બ) ફૂલનો હાર (ક) ફૂલ મૂકવાનું સાધન

- **એક ડિઝાઈનમાં ત્રણ કેરી છે. કાપડના એક ટુકડામાં આવી ઓગણીસ ડિઝાઈન છે. તો કાપડમાં કેટલી કેરી હશે?**

૧. અહીં 'કેરી' એટલે ?

(અ) આંબા પર થાય તે (બ) કેરીનું ચિત્ર (ક) કેરીની છાપ

૨. આ દાખલાનો જવાબ કઈ રીતે નહીં મળે?

(અ) ૧૯ × ૩ (બ) ૧૯ + ૩ (ક) ૩ × ૧૯

## ⬡ જૂથમાં કામ કરો. આપેલો ફકરો મોટેથી વાંચી તેના આધારે આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પર ✓ કરો.

પંખીઓની ચાલવાની અને ઊડવાની રીત અલગ હોય છે. તેમની ડોકનું હલનચલન પણ અલગ હોય છે. મેના તેની ડોક આગળ-પાછળ, આંચકાથી હલાવે છે. ઘુવડ તેની ડોક પાછળની તરફ ફેરવી શકે છે. પંખીઓનાં પીંછાં જુદા જુદા રંગ, આકાર અને કદનાં હોય છે. તેમનાં પીંછાં તેમને ઊડવામાં અને હૂંફાળા રહેવામાં ઉપયોગી છે. કેટલાક સમય પછી પંખીઓ જૂનાં પીંછાં ખેરવી નાંખે છે. તેમની જગ્યાએ નવાં પીંછાં આવે છે.

૧. 'હૂંફ' એટલે?

ગરમાવો ☐ ઉકળાટ ☐ બાફ ☐

૨. 'પંખી' એટલે?

પાંખ ☐ જેને પાંખ હોય તે ☐ જેને પગ હોય તે ☐

૩. 'કદ' એટલે?

વજન ☐ દેખાવ ☐ નાનું-મોટું ☐

૪. પક્ષીઓ કઈ કઈ રીતે જુદા પડે છે?

ઊડ ☐ ચાલ ☐ પગની સંખ્યા ☐ રંગ ☐ આકાર ☐ કદ ☐
ડોકનું હલનચલન ☐ અવાજ ☐ આંખ ☐

૫. પક્ષીને શું શું ફરી મળી શકે છે?

પગ ☐ ચાંચ ☐ પીંછાં ☐

૬. ઘુવડ શું શું કરી શકે છે?

દિવસે ખોરાક શોધી શકે. ☐

બેઠાં બેઠાં પાછળની વસ્તુ જોઈ શકે. ☐

અંધારામાં જોઈ શકે. ☐

૭. પીંછાં ના હોય તો પક્ષીને શી શી મુશ્કેલી પડે?

ઊડવાની ☐ વરસાદથી બચવાની ☐ ઠંડીથી બચવાની ☐
પતંગની દોરીથી બચવાની ☐ ખોરાક શોધવાની ☐

૮. તમને મેનાની જેમ ડોક હલાવતા આવડે છે? હલાવો.

**નીચે કેટલાંક ઉખાણાં આપ્યાં છે. તેમના જવાબ દેડકો, ખિસકોલી, બિલાડી અને કબૂતરમાંથી કોઈએક છે. દરેક વાક્ય માટે તમારે જવાબ ધારતા જવાના છે. એમ છેલ્લે તમે સાચા જવાબ સુધી પહોંચશો.**

- ૧. તે ખોબામાં સમાઈ શકે તેવડું છે.
  ૨. તેના આગળના પગ પાછળના પગ કરતાં ટૂંકા છે.
  ૩. તેને પૂંછડી છે.
- ૧. તેને પૂંછડી છે.
  ૨. તેના પગ એકસરખા છે.
  ૩. તેની આંખ અંધારામાં ચમકે છે.
- ૧. તે લાંબો કૂદકો લગાવે છે.
  ૨. તેના પાછલા પગ આગલા પગ કરતાં લાંબા છે.
  ૩. તે ચોમાસામાં ખાસ દેખા દે છે.

દેડકો, ખિસકોલી, બિલાડી અને કબૂતરમાંથી કોઈ બે વિશે બોલો અને બાકીના બે વિશે લખો.


૧. :-

૨. :-

આપેલા ચોકઠામાંથી પાંચ જીવજંતુનાં નામ શોધી કાઢો. તેની ફરતે ◯ કરો.

| | | | |
|---|---|---|---|
| માં | ક | ડ | ક |
| જૂ | વં | પી | રો |
| શ | ફ | દો | ળિ |
| ઈ | ય | ળ | યો |

નીચેના શબ્દો ઓળખી કાઢો. મોટેથી બોલો અને લખો.



મોટેથી બોલો અને લખો.

૧. અદ્વૈત તદ્દન ઢીલો.

૨. રુદ્રની પદ્ધતિ ઝડપી.

૩. પ્રદ્યોતને ચંદ્ર ગમે.

૪. સૃજને પૂંઠામાંથી ઘર સર્જ્યું.

૫. અંધારામાં સૂરજ અદૃશ્ય.

૬. લાઈટ એટલે વિદ્યુત.

૭. આદ્યા અને વિદ્યા બહેનો છે.

૮. અમારી દુકાનનું ઘી એકદમ શુદ્ધ.

૯. દૃષ્ટિ તો છેક અધ્ધર લટકી.


૧૦. ભદ્રકાળીનું મંદિર અમદાવાદમાં.

## જુઓ, જોડો, બોલો, લખો.

| | | | | |
|---|---|---|---|---|
| દ્‌ઋષ્ટિ - દૃષ્ટિ : ______ ષ્ટિ | | વિદ્‌યુત - વિદ્યુત : વિ ______ ત | | |
| ભદ્‌ર - ભદ્ર : ભ ______ | | આદ્‌યા - આદ્યા : આ ______ | | |
| રુદ્‌ર - રુદ્ર : રુ ______ | | વિદ્‌યા - વિદ્યા : વિ ______ | | |
| ચંદ્‌ર - ચંદ્ર : ચં ______ | | શુદ્‌ધ - શુદ્ધ : શુ ______ | | |
| અદ્‌ઋશ્ય - અદૃશ્ય : અ ______ શ્ય | | અધ્‌ધર - અધ્ધર : અ ______ ર | | |
| સ્‌ઋજન - સૃજન : ______ જન | | પદ્‌ધતિ - પદ્ધતિ : પ ______ તિ | | |
| અદ્‌વૈત - અદ્વૈત : અ ______ ત | | પ્રદ્‌યોત - પ્રદ્યોત : પ્ર ______ ત | | |

## ઓળખો :

આવી રીતે તમને બીજાં જંતુ અને તેમનાં ઘરનાં ચિત્ર બનાવતાં આવડે? અલગ કાગળમાં બનાવો.



## ‘વાંદરાને વાંચતાં ન આવડે’ અને ‘પોટલાં ટપકે પપ્પ’ પરથી જવાબ લખો.

● આ વાક્યો કોણ બોલ્યું હશે? તેના જેવો અવાજ કરો અને તેનું નામ લખો.

૧. “એ ભાગે ઠંડી!” 

૨. “મારા ઘરમાં તો વાંદરાભાઈ સમાય જ નહીં!” 

૩. “આવડી અમથી સુઘરી આવડા મોટા મને સલાહ આપે છે!” 

૪. “બિચારા વાંદરાભાઈ! કેવી ગરમી લાગતી હશે એમને!” 

૫. “વાંચવા બેસો તો, મમ્મી-પપ્પા!” 

૬. “આવો બધા. દીવાને દેખાડી દો કે આકાશ તેનું એકલાનું નથી.” 

૭. “એ જુઓ! વીજળી ઝબૂકે છે!” 

## નકામા શબ્દ છેકી સાચું વાક્ય બનાવીને લખો.

૧. મેં **શૂન્ય/એક/બે ચોટલો/ચોટલા** ગૂંથ્યા છે.

૨. રિક્ષામાં **ત્રણ/બે પૈડાં/પૈડું** હોય.

૩. પંખાને **બે/ત્રણ પાંખ/પાંખિયા** છે.

૪. સૃષ્ટિએ ખિસ્સામાં **એક/ચાર આંબળા/આંબળું** મૂક્યાં.

૫. શાળાની ઘડિયાળમાં **શૂન્ય/બે/ત્રણ કાંટા/કાંટો** છે.

## ખડખડાટ :

ધ્રુવ : સર, પેન્સિલમાં દીર્ઘ ‘ઈ’ આવે કે હ્રસ્વ ‘ઇ’?

શિક્ષક : હ્રસ્વ ‘ઇ’.

ધૈર્ય : મને તો દીર્ઘ ‘ઈ’ કહી હતી?

શિક્ષક : તારી પેન્સિલ લાંબી હતી ને!

●